GUJMIN INDUSTRY ASSOCIATION AHMEDABAD
पृथ्वी कोश भूषणं
ESTD. 1962

**GUJMIN INDUSTRY ASSOCIATION**

Reg. No. GUJ/15299/AHMEDABAD UNDER SOCIETY ACT - 1860
2nd Floor, Marble & Mineral Chambers,
B/h. D. K. House, Mithakhali,
Ahmedabad - 380 006. (Gujarat) Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org


ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન

# ખનિજ પત્રિકા

## એસોસીએશન સમાચાર


ડિસેમ્બર - ૨૦૧૭ I વર્ષ - ૨૩
















# પ્રમુખ સ્થાનેથી...



પી.એન.રાવ - પ્રમુખ

સભ્યશ્રી,

આપ સર્વેને વર્ષ ૨૦૧૮ના શુભ આરંભે શુભેચ્છા પાઠવતા આનંદની લાગણી અનુભવું છું.

ગુજરાતનો ખનિજ ઉદ્યોગ હાલ અનેક પડકારોનો સામનો કરી રહેલ છે. માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ : ૨૦૧૫, મિનરલ ઓકશન રૂલ્સ : ૨૦૧૫, મિનરલ કન્શેશન રૂલ્સ : ૨૦૧૬, મિનરલ કન્ઝર્વેશન એન્ડ ડેવલપમેન્ટ રૂલ્સ : ૨૦૧૭, ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો : ૨૦૧૭, ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ : ૨૦૧૭ વિગેરે કાયદા/નિયમોની હારમાળા સર્જાઈ છે. કેન્દ્ર સરકારશ્રી તરફથી નવા નિયમોમાં દાખલ કરવામાં આવેલ જોગવાઈઓ ગુજરાત સરકારશ્રીએ પણ નવા નિયમોમાં દાખલ કરેલ છે. જેમાં મુખ્ય ખનિજોની માફક ગૌણ ખનિજોની લીઝો પણ જાહેર હરાજીથી ફાળવવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે તેમજ નાની ખાણો માટે પણ મુખ્ય ખનિજોની માફક માઈનીંગ પ્લાન, પર્યાવરણના નિયમોની જોગવાઈઓ મુજબ જ કાર્યપદ્ધતિ અપનાવવા અને નિયમોની જોગવાઈઓનું પાલન કરવાની જરૂરીયાત ઉદ્‌ભવેલ છે. આમ કાયદાઓમાં અનેક સુધારણા થવાથી તેના અમલીકરણમાં અનેક મુશ્કેલીઓ પડનાર છે. આ ઉપરાંત અનેક નાણાકીય બોજાઓ વધી રહેલ છે. જેમકે ડીસ્ટ્રીક્ટ મિનરલ ફંડ, નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટ ફંડ, રોયલ્ટી પર સર્વિસ ટેક્ષ, જી.એસ.ટી. તેમજ માઈનીંગ પ્લાન સાથે રજુ કરવાની ફીમાં અનેક ગણો વધારો કવામાં આવેલ છે જે અસહ્ય છે.

વધુમાં તાજેતરમાં સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ ગાંધીનગરના જાહેરનામા તા. ૨૬.૦૯.૨૦૧૭થી ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ : ૨૦૧૭ પ્રસિદ્ધ થયેલ છે. આ નિયમો પ્રસિદ્ધ થતા અગાઉ સરકારશ્રી દ્વારા આ નિયમોનો મુસદ્દો બહાર પાડી કોમેન્ટ/સજેશનો મોકલી આપવા જણાવેલ જે અન્વયે એસોસીએશન દ્વારા મુસદ્દામાં દર્શાવેલ સુચિત નિયમો/જોગવાઈ પૈકી જે જોગવાઈઓ ખનિજ ઉદ્યોગને અવરોધક હોય તેવી જોગવાઈઓ અન્વયે કોમેન્ટ/સજેશનનો મોકલી આપેલ તેમ છતાં સુચનો/સુધારા ધ્યાને લીધા સિવાય પાશ્ચાત અસરથી જાહેરનામું પ્રસિદ્ધ કરી બિનવ્યવહારૂ તેમજ ખનિજ ઉદ્યોગને અવરોધક એવી ભારે દંડકીય જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે અન્વયે નવી સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવનાર છે.

આ બધાજ નિયમોની તેમજ બિનવ્યવહારૂ જોગવાઈઓના કારણે આ ઉદ્યોગમાં આર્થિક ભારણ, અનિશ્ચિતતા અને દ્વિધાત્મક પરિસ્થિતિ ઉદ્‌ભવવા પામી છે. પરંતુ આ બધી જ બાબતોમાં પ્રતિક્રિયા આપવાને બદલે જ્યારે ગુજરાત રાજ્યમાં ખનિજના ભંડારો ભરાયેલા છે ત્યારે ગુજરાતના ઉદ્યોગ સાહસિકોએ કુશળતા દાખવી, દુરંદેશી વ્યવસાયિક કાર્યપદ્ધતિ અપનાવી, વ્યવસાયિક રાહે ધંધાની સ્થાપના કરી, કુશળ માનવ શ્રમને કામે લગાડી, શક્તિશાળી અને કાર્યક્ષમ સાધનો, ઓજારો અને નવી ટેકનોલોજી પદ્ધતિની જાણકારી મેળવી સલામત અને આયોજનબદ્ધ વૈજ્ઞાનિક ઢબે ખાણકામ કરી, મૂલ્યવર્ધિત પદ્ધતિ અપનાવી, વેસ્ટ મિનરલનો મહત્તમ ઉપયોગ કરી, પર્યાવરણની જાળવણી કરી, નિયમોની જાણકારી મેળવી આવનાર પડકારો સામે પણ ધંધાના વિકાસની હરણફાળ ભરી શકીશું તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

આપણા સભ્યો જે સમગ્ર ગુજરાત રાજ્યમાં અલગ અલગ જીલ્લાઓમાં ખનિજને લગતા કામકાજ કરે છે. તેમા પડતી મુશ્કેલીઓની સમાયાંતરે રજુઆત કરવામાં આવે છે. જેનો સરકારશ્રી તરફથી સાનુકૂળ પ્રતિભાવ મળે તેવી અપેક્ષા રાખીએ.

વધુમાં એસોસીએશનના પ્રમુખ તરીકેના સમયગાળા દરમ્યાન આપ બધા સભ્યો તરફથી હંમેશા સહકાર મળી રહેલ છે. તે બદલ સૌ સભ્યોનો આભાર વ્યક્ત કરું છું અને ફરીથી નાના લીઝધારકોથી માંડી દરેકના પ્રશ્નો અને ધંધાના વિકાસ માટે કાર્ય કરવા તેમજ નવરચિત સરકારશ્રીમાં પણ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે રજુઆત કરવાની ખાતરી આપું છું.

શુભેચ્છા સાથે

**પી. એન. રાવ**

પ્રમુખ

# ખનિજ પત્રિકા

## ડીસેમ્બર : ૨૦૧૭


**તંત્રી**

- શ્રી જે.વી.ભટ્ટ

**સલાહકાર**

- શ્રી સી.એમ. દ્વિવેદી
  માનદ્ મંત્રી

**એસોસીએશન-હોદ્દેદારો**

- શ્રી પી.એન.રાવ, પ્રમુખ
- શ્રી જતીન આર. પટેલ, ઉપપ્રમુખ
- શ્રી મનોજ સોલંકી, ઉપપ્રમુખ
- શ્રી સી.એમ.દ્વિવેદી, માનદમંત્રી
- શ્રી હર્ષવદન ભવાની, માનદ સહમંત્રી
- શ્રી જય શાહ, માનદ સહમંત્રી
- શ્રી જશુભાઈ જી. પટેલ, માનદ ખજાનચી
- શ્રી હંસરાજભાઈ ડી. પટેલ, પૂર્વપ્રમુખ
- શ્રી બીરેન જે. પટેલ, પૂર્વપ્રમુખ

| સમિતિ -હોદ્દેદારો | સમિતિ |
|---|---|
| શ્રી કે.એન. પટેલ, ચેરમેન | લીગલ કમિટિ |
| શ્રી સી.કે જોષી, સભ્ય | લીગલ કમિટિ |
| શ્રી જી.બી. શાહ, ચેરમેન | ટેકનિકલ કમિટિ |
| શ્રી સી.એમ. દ્વિવેદી, સભ્ય | ટેકનિકલ કમિટિ |
| શ્રી જે.વી. ભટ્ટ, માનદ સલાહકાર | જીઓ.- ટેકનિકલ |
| શ્રીપદ્દુભાઈ રાઈચુરા, ચેરમેન | ફંડ રેઈઝીંગ કમિટિ |
| શ્રી હેમુલભાઈ શાહ, સભ્ય | ફંડ રેઈઝીંગ કમિટિ |
| શ્રી ગૌરાંગ ભટ્ટ, સભ્ય | ફંડ રેઈઝીંગ કમિટિ |
| શ્રી જે. એલ. ચૌધરી, સલાહકાર | વન, પર્યાવરણ |



**ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન**

બીજો માળ, માર્બલ અને મીનરલ ચેમ્બર્સ,
ડી. કે. હાઉસ પાછળ, મીઠાખળી,
અમદાવાદ - ૩૮૦૦૦૬. ગુજરાત.
ફોન : ૦૭૯ ૨૬૪૨૭૦૪૭
ઈ-મેઈલ: gujmin@gmail.com
વેબસાઈટ: www.gujaratmineral.org



| અનુક્રમણિકા | પાના નંબર |
|---|---|
| અનુક્રમણીકા | ૧ |
| તંત્રી સ્થાને | ૨ |
| ખનિજ સમાચાર | ૩ થી ૫ |
| રાજ્યની ખનિજ નીતિ | ૬ થી ૮ |
| મિનરલ પોલીસી | ૯ થી ૧૦ |
| સરકારશ્રીના નોટીફિકેશન | ૧૧ થી ૧૨ |
| લીઝ સ્ટોક ધારકોએ ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ | ૧૩ |
| બિલ્ડીંગ ફંડ અપીલ | ૧૪ |
| સભાસદ જોગ | ૧૫ |
| ઓડીટ રીપોર્ટ | ૧૬ |

# : તંત્રી સ્થાનેથી :

રાજ્ય સરકારશ્રીની 'ખનિજ નીતિ:૨૦૦૩' ખનિજોના ઉત્પાદનને વેગ, બહુમૂલ્ય સંકુલોના સ્થાપન માટે ઉત્તેજન અને અન્વેષણને આધુનિકતા સ્પર્શતી છે.

ખનિજ ખાણ પટ્ટેદારો દ્વારા ઉત્ખનન કરતા મુખ્ય તથા ગૌણ ખનિજોની ભૂસ્તરીય રચના, ઉત્પત્તિને લક્ષમાં લેતાં રાજય સરકારે "ઔદ્યોગિક માટી" ડેકોરેટીવ એન્ડ ડાયમેન્શન સ્ટોન, સિરામિક ઉદ્યોગોના ખનિજો, કાચ ઉદ્યોગના ખનિજો, ઈંધણ માટેના સોલીડ ખનિજો, સિમેન્ટ અને સોડા એશ માટેના ખનિજો, ખાતર ઉદ્યોગોના ખનિજો માટે 'સ્પેશીફીક ખનિજ નીતિ' ઘડવી ખનિજ ઉદ્યોગના ઝડપી વિકાસ માટે આવશ્યક છે. ખાતા ધ્વારા આ અંગે શરૂઆત કરાયેલ છે. પરંતુ પટ્ટેદારોને અનુલક્ષી ભલામણોના અભ્યાસ દ્વારા નક્કર પગલા લેવાયેલ નથી.

ગૌણ ખનિજોના ઉત્ખનન માટે 'ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો:૨૦૧૭' થી ટેન્ડર પદ્ધતિ દ્વારા પટ્ટાઓના હુકમો આપવાની નીતિ અમલમાં મુકાયેલ છે. એક કે અડધા હેકટરની ગૌણ ખનિજોની લીઝો ધરાવતા પટ્ટેદારો તથા ખાનગી માલિકીની જમીનમાં ખનિજોના ઉત્ખનન માટે આ ધારામાં સ્પષ્ટતા અને વિગત વિવરણ નથી.

ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ-૨૦૧૭ નું તા.૨૬-૯-૨૦૧૭ નું જાહેરનામું પાશ્ચાત અસરથી અમલમાં મુકાયેલ છે. 'ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન' દ્વારા કરાયેલ ભલામણોને અવગણી પટ્ટેદારોને ગૌણ ખનિજના વહન તથા વેચાણમાં આડખીલીરૂપ બને તેવી જોગવાઈઓ જેમકે એન્ડ યુજરના રજીસ્ટ્રેશન ખનિજ વાહક વાહનોને ટ્રેકીંગ ડિવાઈઝ જેવી જોગવાઈઓના અમલ માટે બન્ને દિશાઓ તરફથી તૈયારી ન હોવાથી રાજય સરકાર આ અંગે 'ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન' ની ભલામણો તથા ખનિજ વાપરતા અન્ય મંડળોની ભલામણોને લક્ષમાં લઈ ફેરવિચારણા કરે તે અત્યંત આવશ્યક છે.

ગૌણ ખનિજના નીતિવિષયક પ્રશ્નો માટે 'ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન'ના યોગ્ય તે ખનિજના પ્રતિનિધિત્વની હાજરી તથા સૂચનો ગૌણ ખનિજ વહીવટને સક્ષમ પરિણામલક્ષી બનાવવા હિતાવહ છે.

**જે.વી. ભટ્ટ**
માનદ્ ખનિજ સલાહકાર
ગુજમીન ઈન્ડ. એસોસીએશન

 જીવન અનંત છે. મૃત્યુ એટલે મહાન પરિવર્તન. મૃત્યુ તો જીવન તત્ત્વ જેટલુ જ મંગળકારી છે.

# ખનિજ સમાચાર

- ફીમી, ન્યુદિલ્હીની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩.૦૮.૨૦૧૭ના રોજ દિલ્હી ખાતે મળેલ જેમાં આપણા એસોસીએશનના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી ખનિજ ઉદ્યોગને લગતા પ્રશ્નોના ઉકેલ માટે રજુઆત કરેલ.
- ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રી, ગાંધીનગરના પરિપત્રનં. સીજીએમ / લીઝ / પોલીસી / GMMCR-2017 / સા. રેતી-બ્લોક / જન-૪ / પરીપત્ર / ૨૦૧૭-૧૮ / ૨૧૧૭ તા. ૩૦.૦૮.૨૦૧૭થી કરારખત પડતર હોય તેવા સાદી રેતી ખનિજના અગાઉ ઈ-ઓકશન થયેલ બ્લોકમાં GMMCR-2017 મુજબ એડવાન્સ રોયલ્ટી-ડીપોઝીટ નક્કી કરતો પરિપત્ર બહાર પાડેલ છે. જેની નકલ સભ્યશ્રીઓને ઈ- મેઈલથી મોકલી આપેલ છે.
- ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રી, ગાંધીનગર ના પરિપત્રનં. સીજીએમ / લીઝ/ પોલીસી / જીએમએમસીઆર - ૨૦૧૭ / બીડસ ચકાસણી /એસટીઈસી એન્ડ ડીટીઈસી/ જન-૪ / પરીપત્ર / ૨૦૧૭-૧૮ / ૨૧૨૮ તા. ૦૧.૦૯.૨૦૧૭થી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો : ૨૦૧૭ના પ્રકરણ -૨ માં કરેલ જોગવાઈઓ અનુસાર ગૌણ ખનિજોના નિકાલ ઈ-ઓકશન પદ્ધતિથી કરવાનો થાય છે. જે અંતર્ગત ઈ-ઓકશન પ્રક્રિયા માટે બીડર્સ દ્વારા જમા કરાવેલ બીડસની નિયમોનુંસાર ટેકનીકલ ચકાસણી થવી જરૂરી છે આ હેતુથી ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીના અધ્યક્ષસ્થાને State Level Technical Evaluation Committee અને જીલ્લા સ્તરે કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને District Level Technical Evaluation Committee (DTEC) ની રચના કરવામાં આવેલ છે. જેની નકલ સભ્યશ્રીઓને ઇ-મેઈલથી મોકલી આપેલ છે.
- ફીમી, ન્યુદિલ્હીની તા. ૧૨.૦૯.૨૦૧૭ના રોજ યોજાયેલ સ્ટેન્ડીંગ કમિટી ફોર નોનમેટાલીક એન્ડ ઈન્ડસ્ટ્રીમાં કો-ઓપ્ટ તરીકે શ્રી બિરેનભાઈ પટેલની નિમણુંક થયેલ છે જે આપણા એસોસીએશન માટે ગૌરવની બાબત છે.
- તા. ૦૭.૧૦.૨૦૧૭ના રોજ ભારત સરકારશ્રીના ખાણ મંત્રાલયના આઇ.બી.એમ. દ્વારા જી.એમ.ડી.સી. અમદાવાદ ખાતે Threshold Value Workshop નું આયોજન કરવામાં આવેલ જેમાં આપણા એસોસીએશને સક્રીય ભાગ લઈ આઇ.બી.એમ.ને લગતા ખાણ-ખનિજના પ્રશ્નોની કન્ટ્રોલર જનરલશ્રી, આઈ.બી.એમ. સમક્ષ રજુઆત કરવામાં આવેલ તેમજ ગૌણ ખનિજોમાં બેંક ગેરંટીની રકમ મુખ્ય ખનિજો કરતા વધુ હોય એમ.સી.ડી.આર. ૨૦૧૭ મુજબ નક્કી થઈ આવવા રૂબરૂ તેમજ લેખીતમાં પત્ર તા. ૦૭.૧૦.૨૦૧૭થી રજુઆત કરવામાં આવેલ.
- સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એમસીઆર / ૧૦૨૦૧૭ / એમએમ-૧૭૫૫ / છ તા. ૧૧.૧૦.૨૦૧૭ થી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો : ૨૦૧૭ અન્વયે ખનિજની રોયલ્ટી, પ્રીમિયમની રકમ, સિક્યોરીટી ડીપોઝીટ તથા ડીસ્ટ્રીક્ટ મિનરલફંડની ચૂકવણીની પદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે.
- સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં નં. GU/2017/30/MCR-102017-MM-1755-CHH તા. ૧૧.૧૦.૨૦૧૭થી ગ્રેનાઈટ કન્ઝર્વેશન એન્ડ ડેવલપમેન્ટ રૂલ્સ : ૧૯૯૯ના નિયમ : ૫૩ની જોગવાઈ અને ત્યારબાદના વખતો વખતના જાહેરનામા અન્વયે કાર્યવાહી કરવા કમિશ્નરશ્રીની

કચેરીના ભુસ્તરશાસ્ત્રી (લીઝ), ભુસ્તરશાસ્ત્રી (સંશોધન) અને ભુસ્તરશાસ્ત્રી (ફ્લાઈંગસ્કવોર્ડ)ને સત્તા સોંપતુ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

- સરકારશ્રીનાં ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા તા. ૧૧.૧૦.૨૦૧૭ થી ગૌણ ખનિજોની ક્વોરી પરમીટ અરજી ફીમાં ફેરફાર કરી ૨૦,૦૦૦ મેટ્રીક ટન જથ્થા માટે રૂ. ૫૦૦૦/- અને ૨૦,૦૦૦ મેટ્રીક ટન કરતા વધુ જથ્થા માટે રૂ. ૧૦,૦૦૦/- તેમજ સિક્યુરીટી ડીપોઝિટની રકમ ૧૦% ભરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

- નામદાર સુપ્રિમકોર્ટના ડી.એમ.એફ.ના ફાળાની રકમ જમા કરાવવા બાબતના ચુકાદા તા. ૧૩.૧૦.૨૦૧૭ મુજબ મુખ્ય ખનિજોમાં તા. ૧૭.૦૯.૨૦૧૫થી અને કોલ, લીગ્નાઈટ અને સેન્ડ ફોર સ્ટ્રોવિંગ માં તા. ૦૧.૦૪.૨૦૧૬થી ડી.એમ.એફ.ના ફાળાની રકમ જમા કરાવવાની થાય. આ ચુકાદો ફક્ત મુખ્ય ખનિજોને લગતો છે. જે અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદા સંદર્ભે મૂખ્ય ખનિજોમાં ડી.એમ.એફ. ટ્રસ્ટમાં ફાળાની રકમ ભરપાઈ કરવની અસર તારીખ તથા ગૌણ ખનિજોમાં ફાળાની રકમ ભરવાની તારીખ અંગે માર્ગદર્શન થઈ આવવા અત્રેના પત્ર તા. ૦૬.૧૧.૨૦૧૭થી વિભાગને લખેલ છે. વધુમાં નામદાર હાઈકોર્ટ ઓફ ગુજરાતમાં સ્પે. સી.એ.નં. ૧૮૭૪૧ / ૨૦૧૬ થી ડી.એમ.એફ. બાબતેના કેસની સુનાવણી તા. ૦૬.૧૨.૨૦૧૮ ના રોજ નક્કી થયેલ છે.

- સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં નં. GU / 2017 / 33 / MIS-102000-G01-23-CHH તા. ૧૭.૧૦.૨૦૧૭ થી માર્બલ ડેવલપમેન્ટ એન્ડ ઈન્ઝર્વેશન રૂલ્સ : ૨૦૦૨ના નિયમ : ૪૭ ની જોગવાઈ અને ત્યારબાદના વખતોવખતના જાહેરનામા અન્વયે કાર્યવાહી કરવા કમિશ્નરશ્રીની કચેરીના ભુસ્તરશાસ્ત્રી (લીઝ), ભુસ્તરશાસ્ત્રી (સંશોધન) અને ભુસ્તરશાસ્ત્રી (ફ્લાઈંગસ્કવોર્ડ) ને સત્તા સુપ્રત કરતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

- સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ એમસીઆર / ૧૦૨૦૧૭ / એમએમ- ૧૮૫૪ / છ તા.૧૮.૧૦.૨૦૧૭થી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો : ૨૦૧૭ પ્રસિદ્ધ થયા પહેલા હરાજી સિવાય મંજુર થયેલ ખનિજની ક્વોરીલીઝમાં મળી આવતા બીજા ખનિજ માટે તે ખનિજના રોયલ્ટી વત્તા ૮૦% પ્રીમીયમ રકમ વસુલવાનું ઠરાવેલ છે.

- સર્વિસટેક્ષ ઓન રોયલ્ટી બાબતે નામદાર હાઈકોર્ટ ઓફ ગુજરાતમાં સ્પે.સી.એ. નં. ૮૧૬૭/૨૦૧૭ પીટીશનર : ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનના કેસમાં આગામી સુનાવણી તા. ૧૦-૧-૨૦૧૮ના રોજ નક્કી થયેલ છે. વધુમાં નામદાર હાઈકોર્ટ ઓફ રાજસ્થાનમાં પીટીશન નં. ૧૪૫૭૮ / ૨૦૧૬ પીટીશનર : ઉદેપુર ચેમ્બર ઓફ કોમર્સના કેસમાં ચુકાદા તા. ૨૪.૧૦.૨૦૧૭માં ખનિજોના માઈનીંગને સર્વિસ ગણીને રોયલ્ટી પર સર્વિસસટેક્ષ લાગુ કરવાને પાત્ર છે. તેમ હુકમ કરેલ છે.

- સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા તા. ૨૬.૦૯.૨૦૧૭થી ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ : ૨૦૧૭ પ્રસિદ્ધ થયેલ છે. આ જાહેરનામાની મુખ્યત્વે દંડકીય જોગવાઈઓ નીચે મુજબ છે. (નિયમ : શિડ્યુલ-III)

| **અ.નં.** | **વાહનો અને મશીનનો પ્રકાર** | | **દંડકીય રકમ** |
|---|---|---|---|
| ૧. | ટ્રેક્ટર ટ્રોલી/કોમ્પ્રેસર / ડ્રીલીંગમશીન/ વાયરશો તથા અન્ય. | : | પ્રતિ મેટ્રીક ટન રૂ. ૫૦૦૦/- અને રૂ. ૨૫૦૦૦/- (કાંટા ચીઠ્ઠી ન હોયતે કિસ્સામાં રોયલ્ટીની રકમના ૧૦૦%) |

| | | | |
|---|---|---|---|
| ૨. | હાફ બોડી ટ્રક / નાના ડમ્પર / ક્રેન વિગેરે. | : | પ્રતિ મેટ્રીક ટન રૂ. ૫૦૦૦/- અને રૂ.૫૦,૦૦૦/- (કાંટા ચીઠ્ઠી ન હોય તે કિસ્સામાં રોયલ્ટીની રકમના ૧૦૦%) |
| ૩. | ફુલ બોડી ટ્રક / હેવી ડ્યુટી ડમ્પર / ક્રશર / પાવર હેમર | : | પ્રતિ મેટ્રીક ટન રૂ. ૫૦૦૦/- અને રૂ. ૧,૦૦,૦૦૦/- (કાંટા ચીઠ્ઠી ન હોય તે કિસ્સામાં રોયલ્ટીની રકમના ૧૦૦%) |
| ૪. | ટ્રોલી / એકસકેવેટર / લોડર વિગેરે | ૪. | પ્રતિ મેટ્રીક ટન રૂ. ૫૦૦૦/-અને રૂ. ૨,૦૦,૦૦૦/- (કાંટા ચીઠ્ઠી ન હોય તે કિસ્સામાં રોયલ્ટીની રકમના ૧૦૦%) |

વધુમાં તમામ લીઝધારકો, સ્ટોકધારકો, ટ્રક, મશીનના માલિકો, વેપારીઓ તથા અંતિમ વપરાશકાર જેવા કે બિલ્ડરો, કોન્ટ્રાકટરો અને ખનિજ વપરાશકર્તાઓએ ખનિજ વિભાગમાં નક્કી કરેલ રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કરી રજીસ્ટ્રેશન કરવાનું રહે છે. ખનિજ વહન કરતાં વાહનોનું, સાધનનું તથા તેના માલિકના નામનું પણ નિયત કરેલ રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

વધુમાં, રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, પરિવહન અને સંગ્રહ નિવારણ) નિયમો : ૨૦૧૬નો મુસદો બહાર પાડી આ અંગેના કોમેન્ટ/સજેશનો મોકલી આપવા જણાવેલ જે અન્વયે એસોસીએશન દ્વારા મુસદામાં દર્શાવેલ સુચિત નિયમો અને જોગવાઈઓ પૈકી જે જોગવાઈઓ ખનિજ ઉદ્યોગને અવરોધ હોય તેવી જોગવાઈઓ અન્વયે કોમેન્ટ/સજેશનો મોકલી આપવામાં આવેલ તેમ છતાં એક પણ સુચન ધ્યાને લીધા સિવાય રાજ્ય સરકારશ્રીએ તા. ૨૬.૦૯.૨૦૧૭ થી ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ : ૨૦૧૭ બહાર પાડી બિનવ્યવહારુ તેમજ ખનિજ ઉદ્યોગ કામગીરીને અવરોધક અને ભારે દંડકીય જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે અન્વયે સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાનું નક્કી કરેલ છે.

- તા. ૦૧.૧૧.૨૦૧૭ના રોજ માઈનીંગ એન્જીનીયર એસોસીએશન ઓફ ઈન્ડિયા, અમદાવાદ ચેપ્ટર દ્વારા જી.એમ.ડી.સી. અમદાવાદ ખાતે “ઈન્ડીયન માઈનીંગ ડે” ની ઉજવણી કરવામાં આવેલ જેમાં પ્રમુખશ્રી પી.એન. રાવ એ સ્વાગત પ્રવચનમાં વૈજ્ઞાનિક ઢબે પદ્ધતિસરનું સલામત ખાણ કામ કરી જીરો મિનરલ વેસ્ટ કરી પર્યાવરણની જાળવણી કરી ખનિજ ઉદ્યોગના વિકાસ માટે આહવાન કરેલ. આ કાર્યક્રમમાં શ્રી રફીક સૈયદ, ડાયરેક્ટર ઓફ માઈન્સ સેફ્ટી એ હાજર રહી Role of Mine management for safety in mines વિષય પર તેમજ શ્રી પંકજ શેઠીયા, માઈનીંગ એન્જીનીયર ઓફ ઈન્ડિયા, હૈદ્રાબાદ ચેપ્ટર દ્વારા માઈન્સ સેફ્ટી વિષે વાર્તાલાપ આપવામાં આવેલ.
- એસોસીએશનની બાવનમી વાર્ષિક સામાન્યસભામાં પસાર કરેલ ઠરાવોના આધારે પ્રશ્નોની રજુઆત અને સુચનો અત્રેના પત્ર તા. ૧૫.૦૫.૨૦૧૭થી વિભાગ / કમિશ્નરશ્રીને મોકલી આપેલ જે પ્રશ્નોના ઝડપી નિર્ણય માટે ફરીથી પત્ર તા. ૦૬.૧૧.૨૦૧૭ પાઠવીને જણાવેલ છે.
- આપણાં એસોસીએશનની www.gujaratmineral.org વેબસાઈટ શરૂ કરવામાં આવેલ છે. જેને વધુ માહિતિપ્રદ બનાવવા આપના સુચનો આવકાર્ય છે.

--•---•---•--

# ગુજરાત રાજયની ખનિજની નીતિ, વહીવટ, અન્વેષણ પૃથ્થક્કરણ, ઉત્પાદન, નિકાસ, અને ખનિજ ઉધોગના વિકાસને સુદ્દઢ, પરિણામલક્ષી અને અસરકારક કાર્યરત કરવાના ઉપાયો



**જે.વી. ભટ્ટ**
(ખનિજ કન્સલટન્ટ)
ભુવનેશ્વરી મિનરલ કન્સલટન્સી,
૨૧૨,સુર-સારથિ બીઝનેસ મેનેજમેન્ટ સેન્ટર, આંબાવાડી
સર્કલ, અમદાવાદ-૩૮૦૦૧૫
ટેલીફોન-૦૭૯-૨૬૩૦૬૨૯૮ ● મો.૯૯૭૯૮૬૬૦૯૭

**ખનિજનીતિ :**

રાજય સરકારે સને “૨૦૦૩માં ખનિજ નીતિ” બહાર પાડેલ છે. નીતિમાં ખનિજ ઉધોગોના વિકાસ બહુમુલ્ય પેદાશોના ઉત્પાદન, અન્વેષણ, તથા શાસ્ત્રિય ખાણકાર્ય તથા ઉત્પાદનને સ્પર્શતા મુદ્દાઓ આવરી લેવાય છે, પરંતુ તે મિનરલ સ્પેશીફિક નથી.

ખાણનીતિ રાજયની ભુસ્તરીય રચના પર આધારિત મુખ્ય તથા ગૌણ ખનિજોની ઉત્પત્તિ, રચના, જથ્થા, બજારો તથા તાંત્રિક ઘટકોને અનુલક્ષીને ખનિજ ખનિજવાર બનાવવી આવશ્યક છે.

ચાઈના કલે, બેન્ટોનાઈટ, ફાયરકલે, લાલમાટી, પ્લાસ્ટીક કલે, લીથોમરજીક કલેના ઉદ્‌ભવસ્થાન અને રચના અન્ય રાજ્યો અલગ હોવાથી શાસ્ત્રીય, ન્યાયપૂર્ણ અને વૈજ્ઞાનિક ઢબે ખાણકાર્ય કરવા તથા તે માટીઓ આધારિત સીરામીક ઉધોગમાં કાચા માલનો પુરવઠો જરૂરિયાત મુજબ મળી રહે તે માટે “ઔધોગિક માટી નીતિ” ઘડી કાઢી આ ઔધોગિક માટીના શુદ્ધિકરણ અને મૂલ્ય આધારિત પેદાશોના ઉત્પાદનને વેગ આપવાના નીતિ વિષયક પ્રશ્નો આવરી લેવા આવશ્યક છે. જેથી રાજયનો સીરામિક ઉધોગવધુ નિકાસલક્ષી બને. રાજ્યોનો બીજો સિમેન્ટ અને સોડાએશ ખનિજ ઉધોગના ખનિજો ચૂના પથ્થર, લેટેરાઈટ, સીલીકાસેન્ડ, પઝોલોનીક કલે, માર્લ માટે સીમેન્ટ ખનિજ પોલીસી, ત્રીજો ખનિજ આધારિત કાચ ઉધોગના ખનિજો સીલીકાસેન્ડ, ડોલોમાઈડ, ફેલ્સપાર, “કાચ ઉધોગ ખનિજ નીતિ” ઘડી કાઢી ઉપરોકત ખનિજો આધારિત બહુમૂલ્ય પેદાશોના સંકુલો રાજયમાં વિકસે અને ખનિજ પટ્ટેદારો કાચામાલનો નિકાસ ન કરે પરંતુ આધુનિક તાંત્રિક વિદ્યાને આધારે શુદ્ધિકરણ સંકુલો દ્વારા પ્રોસેસ ખનિજો ખનિજ આધારિત ઉધોગોની જરૂરિયાત મુજબ બનાવે.

સોલીડ બળતણના ખનિજો કોલસો, લીગ્નાઈટ કારબોનેશીયસ સેલ, માટે પાવર પોલીસી મુજબ સોલીડ તથા લીકવીડ અને કુદરતી વાયુ માટે “ફ્યુઅલ ખનિજ નીતિ” ઘડવી આવશ્યક છે.

સીરામીક, સીમેન્ટ, કાચ, પાવર, પ્રોસેસ ખનિજ શુદ્ધિકરણ માટે ઔધોગિક નીતિને સંકલિત ખનિજવાર નીતિ ઘડવી હાલના સ્પર્ધાત્મક, આંતરરાષ્ટ્રીય બજારોનો અનુલક્ષી ઘડી કાઢવાની તાત્કાલિક આવશ્યકતા છે અને “ખનિજવાર નીતિ” રાજયના મુખ્ય તથા ગૌણ ખનિજ માટે અમલમાં મુકવા આગ્રહભર્યો અનુરોધ છે.

સુશોભિક તથા ઘડતર પથ્થર જેવા કે, માર્બલ, ગ્રેનાઈટ, સેન્ડસ્ટોન, ઘડતર ચૂના પથ્થર, કવર્ટનીઈટ માટેના વધુ ઉત્પાદન માટે તથા કટીંગ, પોલીસીંગના એકમોના વિકાસ માટે. “શુસોભન, ઘડતર પથ્થર નીતિ” અમલમાં મુકવાથી નિકાસને વેગ મળશે.

**ખનિજ વહીવટ :**

મુખ્ય તથા ગૌણ ખનિજના વહીવટ માટે કેન્દ્ર સરકારે તથા રાજય સરકારે ઘડેલા નિયમોના અમલીકરણ માટે હાલના માળખાકીય રચનામાં આમુલ પરિવર્તન અને સત્તાનું વિકેન્દ્રીકરણ તાંત્રિક તજજ્ઞો, ભુસ્તરશાસ્ત્રીઓ, ખાણ ઈજનેરોને તથા મીકેનીકલ ઈજનેરો હસ્તક સોંપવું આવશ્યક છે.

તાંત્રિક તજજ્ઞો ખનિજના વહીવટમાં વધુ અસરકારક અને પરિણામલક્ષી બને છે, તેનો પુરાવો રાજસ્થાન સરકારના જીલ્લા વહીવટી ખાણ ઈજનેરો પુરો પાડે છે. રાષ્ટ્રીય કક્ષાએ આ રાજય સરકારનો વહીવટ અસરકારક અને પરિણામલક્ષી હોવાથી જીલ્લા કક્ષાએ ગૌણ ખનિજની સત્તા ભુસ્તરશાસ્ત્રી અને ખાણ ઈજનેરમાં કાર્યક્ષેત્ર મુજબ વિભાજીત કરી તથા ગુજરાત

મિનરલ (પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજ) ૨૦૦૫, મિનરલ ઓક્શન રૂલ્સ ૨૦૧૫ મુજબ ઉપરોક્ત પદાધિકારીઓને સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું આવશ્યક છે.

ખનિજ વહીવટમાં "ગુજરાત સેવા અધિકારી", ઈન્ડીયન એડમીનીસ્ટ્રેશન સર્વિસ અધિકારીઓની નિમણુંક ખનિજ વહીવટમાં અસરકારક અને પરિણામલક્ષી રહેતી નથી તેના પુરાવા તજજ્ઞોના વહીવટના રાજસ્થાન સરકાર મોડેલ રાજય છે. ભુસ્તરશાસ્ત્રી અને ખાણ કાર્ય શારકામ તાંત્રિક વિષયો હોવાથી ખાતાના વડા પણ તાંત્રિક તજજ્ઞ હોવા અત્યંત આવશ્યક છે. શારકામ વાહનો, શારયંત્રોનો વહીવટ મીકેનીકલ ઈજનેર હસ્તક રાખવો આવશ્યક છે.

વિશિષ્ટ ખનિજ પોલીસીના અમલીકરણ માટે તાંત્રિક તજજ્ઞોની વિપુલતા રાજ્યમાં ઊભી થયેલ છે. માનવ સંશાધન ક્ષેત્રોના વિભાગ માટે તાંત્રિક વડાના આધિપત્ય નીચેજ સેવા ક્ષેત્રના અધિકારીઓની સેવાઓ લેવાથી વહીવટની અસરકારકતા, વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય ખાણકાર્ય અન્વેષણની ગુણવત્તા અહેવાલોનું મૂલ્યાંકન તાંત્રિક કક્ષાએ ઘટી ગયેલ છે, તેનો વધુ વેગ મળવાથી બહુમુલ્ય પેદાશોના સંકુલોમાં વૃદ્ધિ અને નિકાસદર વધશે.

**ખનિજ અન્વેષણ :**

રાજયના પેટાળમાં દબાયેલ ખનિજોને પ્રકાશમાં લાવી ગુણવત્તા, કક્ષા અને જથ્થાઓ નિર્માણ કરી, આર્થિક, પોસાય તેવા ખાણકાર્ય અહેવાલો, અન્વેષણ અહેવાલો નવી કોમ્પ્યુટર પદ્ધતિ આધારિત સોફ્ટવેરથી તથા રીમોટ સેન્સીંગથી જથ્થા તથા ગુણવત્તા અને કક્ષાનું ભુસ્તરશસ્ત્રીઓ દ્વારા ખાતાકીય અન્વેષણ કરાવવું આવશ્યક છે. જેથી આ ક્ષેત્રનો બેરોજગારીનો પ્રશ્ન હલ થઈ શકે.

ખાસ વિશેષ પ્રકારના સ્પેશીફીક ખનિજો માટે જ આઉટ સોર્સીંગ જરૂરી જણાય તો જ ઉપયોગ કરવો હિતાવહ છે.

ખાતાકીય અન્વેષણથી રાજયના ભુસ્તરશસ્ત્રીના સ્નાતકો, ખાણ ઈજનેરો, મીકેનીક ઈજનેરોનો બેરોજગારીનો પ્રશ્ન તથા અસંતોષ નિવારી શકાશે.

આધુનિક ઉપજાવેલ સોફ્ટવેરો, સ્પેશ રિસર્ચ સંસ્થાના રિમોટ સેન્સીંગ અભ્યાસક્રમો તથા ટ્રેનીંગ પ્રોગ્રામોમાં સ્નાતકોને શિક્ષિત કરી અન્વેષણ શાખાને તજજ્ઞોની ભરતી દ્વારા આધુનિક કરી ખાતાકીય અન્વેષણ ખાતાની જ શારકામ યંત્ર સામગ્રી તથા ઈજનેરો દ્વારા કરવી હિતાવહ છે.

**ખનિજ પૃથક્કરણ :**

ખનિજ પૃથક્કરણ પ્રયોગશાળાને પગભર કરવા "ખનિજ પૃથક્કરણ તજજ્ઞ" ને પ્રયોગશાળાના વડા તથા પ્રયોગશાળાના વિકાસ માટે પાયલોટ ટેસ્ટીંગ વિભાગ શરૂ કરી રાજયના ખનિજોના શુદ્ધિકરણ, બ્લેન્ડીંગ અને ઉર્ધ્વીકરણ માટેના સંકુલો ઊભા કરવા, પ્રોજેક્ટ પ્રોફાઈલ્સ, વર્કશોપ "વિશિષ્ટ ખનિજ નીતિ" આધારિત બહુમુલ્ય પેદાશોના સંકુલો રાજયના પોટેનશીયલ નીચે દર્શાવેલ ખનિજો :

૧. સીલીસેન્ડ :- પ્રેસીપીટેટીડ સીલીકા, રેસીનકોટેલ સીલીકા, સીલીકા જેલ, સીલીકા ફ્યુમ, રેસીનકોટેડ પ્રોપેન જેવા બહુમુલ્ય પેદાશો.

૨. બેન્ટોનાઈટ :- બ્લીચીંગકલે ગ્રેન્યુએલ, ઓરગેનોકલે, કેટલીટર,

૩. ચાઈના કલે :- કેલસાઈન ચાઈનાકલે (કન્વેનસલ, ફ્યુઝ) લેમીનેટકલે

૪. બોકસાઈડ :- સીરામીક પ્રોપેન, કેલ્સાઈન બોકસાઈટ, સ્પેશીયાલીટી એલ્યુમિના કેમીકલ્સ, એલ્યુમીના, વાઉટ અને બ્રાઉન એબ્રેસીવ.

૫. સિમેન્ટ, સોડાએશ હાઈડ્રોલીક લાઈમ સ્પેશીઅલ સિમેન્ટ વિગેરે ઓઈલવેલ સિમેન્ટ, એલ્યુમિના સિમેન્ટ, સ્લેગસીમેન્ટ

૬. લીગ્નાઈટ :- ક્રોમલીગ્નાઈટ, કોસ્ટીસાઈડ લીગ્નાઈટ, સલ્ફોનેટ લીગ્નાઈટ, હ્યુમીકએસિડ,

રાજયના ઉપરોક્ત ખનિજો આધારિત સૂચિત બહુમુલ્ય પેદાશોના સંકુલનોના વિકાસમાટે તાંત્રિકવિધા તથા તેનું સંલગ્નીકરણ પણ ખનિજ પૃથક્કરણ વિભાગ દ્વારા થાય તે આવશ્યક છે.

સૂચિત પાઈલોટ ટેસ્ટીંગ અને તાંત્રિકહસ્તિકરણ શાખાઓ પ્રયોગશાળામાં કાર્યરત કરવા પ્રયોગશાળા વડા "મિનરલ ઈજનેર ટેકનોક્રેટ" તથા રિસર્ચના અનુભવી હોવા જરૂરી છે. રાષ્ટ્રિયકક્ષાએ આવા અનુભવી તજજ્ઞોની ઉપલબ્ધી સુલભ થઈ છે.

**ખનિજ ઉત્પાદન :**

મુખ્ય તથા ગૌણખનિજ પટ્ટેદારો વૈજ્ઞાનિક ન્યાયી અને શાસ્ત્રીય ઢબે ખાણકાર્ય રોયલ્ટીના ઈવેઝશન વગર પટ્ટા વિસ્તારમાં માઈન પ્લાન મુજબ કરે તે માટે ખાણ ઈજનેરોની દોરવણી અને વહીવટી સંચાલન આવશ્યક છે.

શાસ્ત્રીય ખાણકાર્ય માટે આધુનિક ખાણયંત્રો ડમ્પર, શોવેલ, બ્લાસ્ટીંગ સ્લોપડિવાઈઝ, બકેટવીલ ઈલીવેટર ટનેલ બોરર સ્પેશીએલ બ્લાસ્ટીંગ ટેકનીક સેફ્ટી તથા પર્યાવરણને અનુલક્ષીને ખાણ કાર્ય, સુશોભન અને ઘડતર પથ્થરના ખાણ કાર્ય માટે જેટફાયરીંગ વોટરજેટ, વાયર કટીંગ માઈનીંગ ઉપકરણોના ઉપયોગથી પર્યાવરણ પ્રદુશિત વાતાવરણ વિહીન ખાણકાર્ય માટે ખાણઈજનેરોની દોરવણી નિયંત્રણ આવશ્યક છે.

હાલમાં ખાતાની આવશ્યક ઊભી કરાયેલ જગ્યાઓ સેવા વર્ગના અધિકારીઓના ડેપ્યુટેશનથી ભરાયેલ છે. જે રાજ્યના ખનિજ વિકાસને અવરોધ અને અડચણરૂપ છે. તેવું રાષ્ટ્રિય કક્ષાના તાંત્રિક નિપુણો દ્વારા પુરવાર થયું હોવા છતાં, રાજ્ય સરકાર અવહેલના કરી રહેલ છે. ઉત્પાદનના વલણ ઉપર દેખરેખ રાખવા, રાજ્યની મહેસુલી આવક પર ધ્યાન રાખવા તથા ખાણકાર્ય બિન અધિકૃત ન થાય તે જોવા તજજ્ઞ ખાણ ઈજનેરી કાબેલ પુરવાર થયેલ છે જેથી ખાણ ઈજનેરોને રોજગારી આપવી આવશ્યક છે.

રાજ્યની માઈનીંગ કોલેજમાંથી બહાર પડતા ખાણ ઈજનેરોને રોજગારીની તકોથી વંચિત કરાયેલ છે. તથા ખાણ ઈજનેરો દ્વારા બહાર પડતા સ્નાતકોની બેરોજગારીને અનલક્ષીને તાત્કાલિક સૂચિત ઉપાયોનું અમલી કરણ ઉત્પાદનને વેગ આપવાના હિતમાં છે.

**ખનિજ નિકાસ :**

બેન્ટોનાઈટ, નિમ્નકક્ષાનો બોકસાઈડ, કેલ્સાઈન્ડ ચાઈનાકલે કંડલા, ઓખા, પોરબંદર અને મુંદ્રા બંદરેથી સાઉથ ઈસ્ટર્ન દેશોમાં નિકાસ થાય છે.

નિકાસનો દર વધારી પરદેશી હૂંડિયામણ કેન્દ્ર સરકારે રળવા માટે ભલામણ કરવી તથા ઉપરોક્ત ખનિજો પરની એકસાઈઝ દર ઘટાડવા કેન્દ્ર સરકારને ભલામણ કરવા તથા પટેદારોને હરાજી પદ્ધતિમાં પ્રથમ પસંદગી આપવા રાજ્ય સરકારે “ખનિજ નિકાસ નીતિ” ની દોરવણીના હુકમો બહાર પાડવા આવશ્યક છે.

ખાતા દ્વારા નિકાસકારોને સન્માન આપી, સર્ટીફીકેટથી સન્માન આપવું જેથી અન્ય પટેદારોને પ્રેરણા મળી શકે. સૂચિત બંદરો ઉપર “ખનિજ વેરહાઉસ” બાંધી, બાંધી મુદતમાં ભાડે આપવાની નીતિ ગુજરાત મેરી ટાઉન બોર્ડના સહયોગથી અમલમાં મુકાતા નિકાસકારોને રાહત અનુભવાશે.

**ખનિજ શુદ્ધિકરણ અને બહુમુલ્ય પદાશોના સંકુલો :**

રાજ્યમાં થતાં મુખ્ય તથા ગૌણ ખનિજના કાચા માલમાંથી બહુમૂલ્ય પેદાશોના સંકુલો ઊભા કરવા પ્રયોગશાળામાં પાયલોટ પ્રોજેક્ટ વિભાગ તથા “ખનિજ આધારિત ઉદ્યોગોની તાંત્રિક વિદ્યાની શાખાઓ દ્વારા ઉપરોક્ત કાર્ય હાથ પર લેતાં પટ્ટેદારોને ખનિજ પ્રોસેસીંગની ચિલાચાલુ પદ્ધતિને બદલે આધુનિક પદ્ધતિનું જ્ઞાન, મશીનરી અને પ્રક્રિયાઓથી વિદિત કરાશે.”

ખનિજવાર નીતિ દ્વારા નિમ્નકક્ષાના ચોક, ચાઈનાક્લે, ચૂનાપથ્થર બેન્ટોનાઈટ ફાયરકલેને શુદ્ધિકરણ તથા ઉર્ધ્વીકરણની પ્રક્રિયા રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય સંશોધન અહેવાલોથી પરિચિત કરાતાં પટેદારો દ્વારા ખાણ પર “જીરોવેસ્ટ” અભિયાન દ્વારા ખાણકાર્ય સક્ષમ અને નફાપૂર્ણ બનશે.

અસરકારક પરિણામલક્ષી ખનિજવહીવટ માટે રાજ્યની ભુસ્તરશાસ્ત્ર તથા માઈનીંગ યુનિવર્સિટીઓમાંથી બહાર પડતા સ્નાતકોને ખાતામાં આધુનિક ટ્રેનીંગ આપી બેરોજગારીના ખપ્પરમાંથી બચાવવા માટે તાંત્રિક ખાતામાં અધિકારી કક્ષાએ કામ કરતા સનદી અધિકારીઓને યોગ્ય તે ખાતામાં સમાવી લઈ. ખાતાનો ખનિજ વહીવટ તાંત્રિક અધિકારીઓ દ્વારા સંચાલન કરવો સુદૃઢ વહીવટ માટે આવશ્યક છે.

--•--•--•--

# MINERAL POLICY: A SHORT REVIEW*

Without going into distant past, prior to MMDR Amendment Act, 2015, mineral policy was governed by the MMDR Act, 1957 which was amended in December 1999 following B B Tandon Committee Report of January 1998. The Act provided reconnaissance permit (RP) for a total area of 10,000 sq. km. to a firm for a period not exceeding 3 years provided a single RP will not be more than 5,000 sq.km. A prospecting license (PL) would be for 25 sq.km for a period of 3 years extendable by another 2 years if required. Mining license will be for 10 sq. km for a maximum period of 30 years which may be renewed for another 20 years. In February 2000, 100% FDI was allowed in mining sector.

Following this amendment there was a spate of applications for RP/PL but none could reach next stage for one reason or other. The reasons adduced by State Governments have been varied and tepid. Some of these reasons are that the area has been reserved for their public sector units (reservation was done after application was made for RP/PL); areas applied for PL (after expiry of RP) is adjacent to the area of their PSUs; GSI has shown interest in their area; and lastly denial of environment or forest clearance. The Central Government has been mute spectator to the death-knell of the policy.

To make mining more attractive and in tune with international practice, a high powered Committee, popularly known as Hoda Committee, was set up following which National Mineral Policy (NMP) was revised in March 2008. The Policy gave private sector a primary role of exploration and emphasized that "In order to make the regulatory environment conducive to private investment and procedures for grant of mineral concessions of all types, such as Reconnaissance Permits, Prospecting Licenses and Mining Leases, shall be transparent and seamless and security of tenure shall be guaranteed to the concessionaries. The first-in-time principal in the case of sole applicants and the selection criteria in the case of multiple applicants will be appropriately elaborated. Prospecting and mining shall be recognized as independent activities with transferability of concessions playing a key role in mineral sector development. (para 3.3)". This policy remained only on paper and never saw the light of the day.

**Current Policy:**

As per MMDR (Amendment) Act 2015, effective from 12th January, 2015, all mining leases (ML) shall be granted for 50 years. All the mining leases granted before 12-01-2015 shall be deemed to have been granted for 50 years. The existing non-captive mines shall be deemed to be expiring on 31-03-2020 and captive mines till 31-03-2030. On the expiry of the lease period, the lease shall be put up for auction but captive mines will have the right of first refusal. Further grant of ML of notified minerals (bauxite, iron ore, limestone and manganese ore) shall be through auction. However, where there is inadequate evidence of the existence of mineral content of any notified mineral in any area, PL-cum-ML can be granted through auction. For other than notified minerals, grant of prospecting-cum-mining lease (PL-cum-ML) will also be through auction but in case if there is evidence to show the existence of mineral contents, the State Government can also grant a mining lease for minerals other than notified minerals. Non-Exclusive

Reconnaissance Permits (NERP) may be granted for any notified or non-notified minerals but the holder of NERP shall not be entitled to make any claim for PL-cum-ML. As if this is not enough, NERP Rules 2015 state that "The grant of non-exclusive reconnaissance permit over any area shall not prohibit the State Government from notifying all or any part of such area for grant of a mining lease or a prospecting license-cum-mining lease and upon such notification the validity of all non-exclusive reconnaissance permits over such notified area will stand automatically terminated." (Rule 3(11)). Incidentally, these provisions do not apply to public sector units whom the State Governments can grant lease with provision for renewals.

As per provisions of Mineral (Auction) Rules, 2015, the successful bidder has to make an upfront payment for mining lease of 0.50% and another 0.50% as performance security of the value of estimated resource in lease area. The performance security shall be adjusted every five years so that it continues to correspond to 0.50% of the reassessed value of estimated resources. More or less same provisions apply to composite PL-cum-ML. All this is in addition to the payment of royalty which are highest in the world.

As if this is not enough, the MMDR (Amendment) Act, 2015 has also introduced two levies in addition to royalty, upfront payment and performance security:

- Payment of District Mineral Foundation (DMF) @30% of royalty for mining lease granted before 12th January 2015 and 10% for ML and PL-cum-ML acquired through auction on or after 12th January 2015.

- Payment of 2% of royalty to National Mineral Exploration Trust (NMET).

All these stipulations are enough to make mining unviable. This is borne out by the fact that initial euphoria in coal waned after sometime and in the case of non-coal, out of 78 blocks of various minerals offered, auction of only 33 could be achieved and in some of the cases, the land belonged to the lessee. All these inputs are enough for Fraser Institute to conclude in its Survey of Mining Companies to put India among the 10 least attractive jurisdictions globally (97th out of 104) in terms of Investment Attractiveness Index for mining and exploration. This is an eloquent epilogue on the Indian mining.

---

*Extract from the Keynote Address by Shri R. K. Sharma Secretary General, FIMI, New Delhi at Indian Mining: Vision 2030 and Beyond presented during MEAI (Nagpur Chapter)'s International Conference & Expo on Mining Industry Vision 2030 & Beyond: 6-8 December 2017, Nagpur.

# NOTIFICATION

Industries and Mines Department
Sachivalaya, Gandhinagar
Dated the 11th October, 2017

**Mines and Minerals (Development and Regulation) Act, 1957.**

No. GJ/2017/30/MCR-102017-MM-1755-CHH:- In exercise of the powers conferred by section 15 of the Mines and Minerals (Development and Regulation)Act, 1957 (67 of 1957), the Government of Gujarat hereby makes the following rules further to amend the Gujarat Minor Mineral Concession Rules, 2017 namely:-

1. These rules may be called the Gujarat Minor Mineral Concession (Amendment) Rules, 2017.

2. In the Gujarat Minor Mineral Concession (Amendment) Rules, 2017 (hereinafter referred to as "the said rules"), in rule 21, for sub-rule (1) the following shall be substituted, namely:-

   "(1) An application for grant of a quarry permit may be made to the Government in Form D with a non-refundable fee at the rates mentioned below in table for the mineral to be extracted under the quarry permit.

**Table**

| Sr.No. | Quantities | Application fees in rupees |
|---|---|---|
| 1 | Not exceeding twenty thousand metric tones | Rs.5,000/- |
| 2 | Exceeding twenty thousand metric tones | Rs.10,000/- |

3. In the said rules, in rule 22, in sub-rule (1), in clause (c) for the words "twenty per cent", the words, "ten per cent" shall be substituted.

4. In the said rules, in rule 23, in sub-rule (1), in clause (a), for the words "two thousand", the words, "twenty thousand" shall be substituted.

5. In the said rules, in Schedule IV, in TABLE A, under the heading Rate of Royalty.

   (i) In the entry 7, after sub-entry (iii), the following sub-entry shall be added, namely:-

| | | |
|---|---|---|
| "(iii) | Marble (In Luffer) | 130.", |

   (ii) After the entry at Sr.No.9, the following entry shall be inserted, namely:-

| Sr.No. | Name of minor minerals | Rate of royalty per metric tonne (in rupees) |
|---|---|---|
| "9A | Manufactured Sand | 26<br>(Provided that this discounted royalty rate shall apply only to the existing/established manufactured sand production units under the new lease area)." |

By order in the name of the Governor of Gujarat

Sd/-
(D G CHAUDHARI)
Deputy Secretary to Government

**સીજીએમ/લીઝ/પોલીસી/ GMMCR-2017/સા.રેતી-બ્લોક/જન-૪/પરીપત્ર/૨૦૧૭-૧૮/૨૧૧૭ તા.૩૦.૦૮.૨૦૧૭**

કરારખત પડતર હોય તેવા સાદી રેતી ખનિજના અગાઉ ઈ-ઓકશન થયેલા બ્લોકમાં GMMCR ૨૦૧૭ મુજબ એડવાન્સ રોયલ્ટી અને સિક્યુરીટી ડીપોસીટ નક્કી કરવા બાબત.

**વંચાણે લીધા :-**

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ એમસીઆર/૧૦૨૦૧૩/૩૧૧૭/છ તા. ૧૩.૧૨.૨૦૧૩.

૨. ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ જીએમઆર/૧૦૨૦૧૫/૧૯૦/છ તા. ૩૧.૦૧.૨૦૧૫

૩. ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ જીએમઆર/૧૦૨૦૧૫ /૧૯૦/છ તા. ૧૦.૦૩.૨૦૧૫.

૪. ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો-૨૦૧૭

૫. સિંગલ ફાઈલની નોંધ પર સરકારશ્રીની મળેલ મુજુરી.

**પૂર્વભૂમિકા :-**

ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો:૨૦૧૭ અમલમાં આવ્યા પૂર્વે વંચાણ (૧) ના ઠરાવથી કરેલ જોગવાઈઓ મુજબ સાદી રેતી ખનિજ બ્લોક્સના ઈ-ઓકશનમાં સફળ બોલી બોલનાર સાહસિકે કુલ એક વર્ષની રોયલ્ટી + પ્રિમીયમની રકમ સિક્યોરીટી ડિપોઝિટ તરીકે અને એક વર્ષની રોયલ્ટી + પ્રિમીયમની રકમ એડવાન્સ પેટે ભરપાઈ કરવાની થતી હતી. આમ, ૨૦% + ૨૦% રકમ કુલ ૪૦% રકમ ભરપાઈ કરવાની થતી હતી. જ્યારે વંચાણ(૨) અને (૩)થી આ અંગે શરતો અને બોલીઓ નક્કી કરવામાં આવેલ.

તા. ૧૮.૦૬.૨૦૧૬થી ખનિજોના રોયલ્ટી દરોમાં ફેરફાર કરવામાં આવેલ. જેમાં સાદી રેતી ખનિજની રોયલ્ટી રૂ. ૧૨/- થી વધારીને રૂપિયા ૪૦/- કરવામાં આવેલ જેથી ઘણાં કિસ્સાઓમાં સાદી રેતી ખનિજના બ્લોક્સની હરાજીમાં રૂપિયા ૧૨ ઉપર પ્રિમીયમની બોલી બોલ્યા બાદ સફળ હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયેલ, ત્યાર બાદ રોયલ્ટીના ભાવમાં થયેલ ભાવ વધારા બાદ ઊંચી બોલી બોલનાર ઊદ્યોગ સાહસિકો રૂ. ૪૦ લેખે રકમ ભરપાઈ કરી શકે તેમ ન હોઈ તેઓએ નામદાર હાઈકોર્ટ પાસે દાદ માંગેલ. જેમાં SCA NO. 10225 of 2016 with SCA No. 10227 of 2016, 10231 of 2016, 10232 of 2016, 10235 of 2016, 10237 of 2016 & 10238 of 2016 માં નામદાર હાઈકોર્ટ દ્વારા તા. ૧૭.૧૦.૨૦૧૬ના હુકમથી સક્ષમ સત્તાધિકારી પાસે રજૂઆત કરવા જણાવી કેસ ડિપોઝીડ કરેલ છે. આ રોયલ્ટી દરના વધારાના પરિણામે સિક્યોરીટી ડિપોઝીટ અને એડવાન્સ રોયલ્ટીની રકમમાં ઘણો વધારો થયેલ હોવાથી સફળ બીડરો રકમ ભરી શકવા સક્ષમ ન હોવાની રજૂઆતો થયેલ છે, પરિણામે ઘણાં બોલ્ક્સની સફળ ઈ-ઓક્શન થયા બાદ પણ કાર્યાન્વિત થઈ શકેલ નથી.

હાલમાં અમલમાં આવેલ ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો:૨૦૧૭ના નિયમ:૫૭ની જોગવાઈ મુજબ વાર્ષિક ભરવાપાત્ર રોયલ્ટીના ૫૦% તથા પ્રિમીયમના ૫૦% અપફ્રન્ટ પેમેન્ટ તરીકે તેમજ તેટલી રકમ પરર્ફોર્મન્સ સિક્યુરીટી તરીકે ભરવાપાત્ર થાય છે. જે અંદાજે બ્લોકની કુલ ભરવા પાત્ર રકમના ૨૦% જેટલી થાય છે આથી હયાત જોગવાઈ નવા નિયમોને સુસંગત થાય તેવા આશયથી તેમજ ઉપર દર્શાવેલ પરિસ્થિતિ ધ્યાને લઈ ૪૦% રકમના બદલે GMMCR, 2017 ની નવી વ્યવસ્થા મુજબ બ્લોકની કુલ ભરવાપાત્ર રકમના ૨૦% જેટલી થાય તે મુજબની રકમ ભરપાઈ કરવાનો નિયમ થયેથી(૧) રેતી ખનિજની વધી રહેલ માંગને સંતોષી શકાશે. (૨) સરકારશ્રીને રોયલ્ટી + DMF ની મોટી આવક થઈ શકશે. (૩) સરકારશ્રીની બ્લોક ઈ-ઓકશન નીતિને પ્રોત્સાહન મળશે. (૪) સાદી રેતી ખનિજના ગેરધોરણ ખાણકામ પ્રવૃતિમાં નિયંત્રણ લાવી શકાશે. તેમજ (૫) નવા નિયમો હેઠળ ઓકશન પ્રક્રિયા અમલમાં આવ્યા તે પૂર્વે અગાઉ ઓકશન પ્રક્રિયા પૈકી ઓકશનમાં આપેલ બ્લોક્સ ઝડપથી કાર્યાન્વિત થશે. જે ધ્યાને લઈ નીચે પ્રમાણે પરિપત્ર કરવામાં આવે છે.

**:: પરિપત્ર ::**

(૧) GMMCR, 2017 અમલમાં આવ્યા પહેલાં સફળતાપૂર્વક ઈ-ઓકશન થયેલ સાદી રેતી ખનિજના બ્લોક્સ પૈકી જે બ્લોક્સમાં અગાઉની જોગવાઈ મુજબ ૨૦% એડવાન્સ રોયલ્ટી + ૨૦% સિક્યુરીટી ડિપોઝીટ (૧૨ માસ મુજબ) ભરવાના બાકી હોવાથી બ્લોક કાર્યાન્વિત થયેલ નથી. તેવા બ્લોક્સમાં નવી વ્યવસ્થા મુજબ વાર્ષિક ભરવા પાત્ર રોયલ્ટીના ૫૦% તથા પ્રિમીયમના ૫૦% અપફ્રન્ટ પેમેન્ટ તરીકે તેટલી જ રકમ પરફોર્મન્સ સિક્યુરીટી તરીકે વસુલાત કરવાનું ધોરણ નક્કી કરવામાં આવે છે.

(૨) આવા બ્લોક્સમાં સાદી રેતી ખનીજના જથ્થાનો નિકાસ કરવા રોયલ્ટી તેમજ પ્રિમીયમની રકમ એડવાન્સમાં ભરપાઈ કરવાની રહેશે.

(૩) આવા તમામ બ્લોક્સ ધારકોએ GMMCR, 2017 ના નિયમોનું પાલન કરવાનું રહેશે.

સહી /-

ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર

# લીઝ/સ્ટોક ધારકોએ ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ



**સી.એમ. દ્વિવેદી**
**(માનદ્ મંત્રી, ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન)**

એસોસીએશનને લીઝ/સ્ટોક ધારકો/સભ્યશ્રીઓ તરફથી ખાતા દ્વારા ખાણોની ખોટી રીતે માપણી કરી લાખો રૂપિયાનો ગેરવ્યાજબી દંડ ફટકારી, રોયલ્ટી પાસ બંધ કરી ધંધામાં વિઘ્ન ઊભા કરવાના પ્રશ્નોની રજુઆત અવારનવાર કરવામાં આવતી હોય છે. આ અંગે એસોસીએશન દ્વારા વારંવાર સરકારશ્રીમાં રજુઆતો પણ કરેલ છે. આવી મુશ્કેલીઓથી બચવા માટે લીઝ/સ્ટોક ધારકોએ નીચે મુજબના આગોતરા પગલાં લેવાનું સુચવવામાં આવે છે. જે અન્વયે સાવચેતી રાખવાથી આપણને ખાતા દ્વારા થનાર દંડકીય કાર્યવાહીમાંથી બચી શકીશું.

- લીઝ વિસ્તારના હદનિશાન સાચા અને પાકા ઊભા કરવા તેમજ જરૂર પડયેથી ડી.આઈ.એલ.આર. પાસે માપણી કરાવી લીઝ વિસ્તારના હદ દર્શાવતા પિલર્સ ઊભા કરી કાયમી ધોરણે જાળવી રાખવા. દરેક પીલર્સના જીપીએસ રીડીંગ રાખવા.
- માઈનીંગ પ્લાનમાં હાલની ખરી પરિસ્થિતિ સાથેના સરફેસ પ્લાન બનાવવા જોઈએ, જેમાં પ્લાન બનાવતી વખતે ખાડાની સાચી પરિસ્થિતિ, આકાર, ક્ષેત્રફળ તેમજ આર.એલ. (Reduce Level) વગેરે માર્ક કરેલા હોવા જોઈએ. કન્સલ્ટન્ટ દ્વારા પ્લાન બનાવવાના હોય ત્યારે પોતે અથવા પોતાના વિશ્વાસુ ટેકનિકલ માણસને ફિલ્ડમાં હાજર રાખવા જોઈએ.
- ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો:૨૦૧૭ ના નિયમ:૧૮(૧૦) મુજબ બાઉન્ડરી પિલર્સ જાળવવાની જોગવાઈ છે.
- ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો:૨૦૧૭ ના નિયમ:૧૮(૧૫) મુજબ દરવર્ષે સરફેસ પ્લાન અપડેટ કરવા જોઈએ. જેમાં ખાસ કરી ખાડાઓના મેપિંગ, સાઈઝ અને પિટસના નવા આર.એલ. (Reduce Level) માર્ક કરવા જોઈએ.
- ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો:૨૦૧૭ ના નિયમ:૧૮(૧૫)(એ) થી આપેલી સત્તાઓની રૂએ સરકારી અધિકારી ખાણ અને રેકર્ડની તપાસણી કરી શકે છે. અધિકારી લીઝ વિસ્તારની માપણી કરવા ઇચ્છતા હોય તો લીઝ ધારકે પોતાના સર્વેયર/ટેકનિકલ માણસની હાજરીમાં માપણી/સેમ્પલીંગ કરવાનો આગ્રહ રાખવો. જેથી કોઈ ગેરસમજ ઉપસ્થિત થવા પામે નહીં.
- માપણી દરમિયાન કરવામાં આવતી કાર્યવાહીનું સાવચેતી પૂર્વક અવલોકન કરવું અને કરવામાં આવતી કાર્યવાહી યોગ્ય ન જણાય તો અધિકારીનું ધ્યાન દોરવું તેમજ કરવામાં આવેલ રોજકામમાં વાંચી અને સમજીને જ સહી કરવી અને આ રોજકામની નકલ તુરત જ મેળવવાનો આગ્રહ રાખવો.
- માપણીની કાર્યવાહી વધારે વિપરિત અને નિયમ વિરૂદ્ધ થતી જણાય તો સમગ્ર માપણી પ્રક્રિયાનું વિડિયો રેકોર્ડિંગ પણ કરવું.
- વાર્ષિક ધોરણે સરફેસ પ્લાનને અપડેટ કરતાં રહેવાથી જુના ખોદકામની ગણતરી કરી મોટી દંડકીય કાર્યવાહીમાંથી બચી શકાય.

--•--•--•--

# "એસોસીએશનના નવા કાર્યાલય માટેના અનુદાન અંગે અપીલ"

માન. સભ્યશ્રીઓ,

આપ સર્વે જાણો છો તેમ ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનની સ્થાપના દીર્ઘદૃષ્ટિ ધરાવતા ઉદ્યોગ સાહસિકો દ્વારા ખાણ અને ખનિજ ઉદ્યોગને લગતા પ્રશ્નોના નિરાકરણ તથા સંઘશક્તિ દ્વારા ઉદ્યોગને મજબુત કરવાના મુખ્ય હેતુઓને ધ્યાનમાં લઈ રાજય કક્ષાના સને ૧૯૬૨ માં એસોસીએશનની સ્થાપના કરવામાં આવેલ. જેની નોંધણી મુંબઈ ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ રજી. નં. એફ/૧૫૧૩૬/અમદાવાદ તથા સોસાયટી એકટ, ૧૮૬૦ હેઠળ રજી.નં. જીયુજે/૧૫૨૯૯/અમદાવાદ થી કરવામાં આવેલ. સ્થાપનાની શરૂઆતથીજ એસોસીએશનના દીર્ઘદૃષ્ટિ ધરાવતા આધસ્થાપકો દ્વારા સભ્યોના હિતને સર્વોપરી ગણી ખાણ અને ખનિજ આધારિત ઉદ્યોગોના પ્રશ્નોના સત્વરે નિરાકરણ માટે તત્પરતા દાખવેલ છે. હાલમાં સમગ્ર ગુજરાતમાં ૬૫૦ થી પણ વધુ નોંધાયેલ સભ્યો ધરાવે છે. આ એસોસીએશન ભારતની પ્રસિદ્ધ કંપનીઓ જેવી કે, જી.એમ.ડી.સી., ટાટા કેમીકલ્સ, સાંઘી સિમેન્ટ, અંબુજા સિમેન્ટ, આશાપુરા ગ્રૃપ, નિરમા લિમીટેડ, અલ્ટ્રાટેક સિમેન્ટ વગેરે કોર્પોરેટથી માંડી સામાન્ય લીઝ ધારકો ધરાવતું એસોસીએશન છે. તેમજ મિનરલ ટ્રેડર્સ, માઈનીંગ યંત્રોના ઉત્પાદકો, પરિવહનકર્તા, સ્થાનિક એસોસીએશનો, ખનિજ સલાહકારો, ખનિજો નિકાસકારો વિગેરેનો સમાવેશ થાય છે.

આપ સર્વેના સહકારથી આપણું એસોસીએશન ખનિજ ઉદ્યોગને લગતા પ્રશ્નોના નિરાકરણ તથા નીતિના ઘડનારાઓ સાથે વિચાર વિમર્શ કરી સભ્યોનું હિત જાળવવા સાંકળરૂપ ભૂમિકા ભજવી રહેલ છે.

હાલમાં, આપણા એસોસીએશનનું કાર્યાલય, મીઠાખળી, અમદાવાદ ખાતે કાર્યરત છે. આ કાર્યાલય હાલમાં આશરે ૫૨૦ ચો.ફૂટની જગ્યા ધરાવે છે જે સને ૧૯૯૧ માં ખરીદવામાં આવેલ.

આ એસોસીએશનની પ્રવૃત્તિઓમાં તથા સભ્ય સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થવા પામતા તથા હાલના કચેરી કાર્યાલયમાં અપૂરતી જગ્યા, પાયા વિષયક જરૂરિયાતનો અભાવને ધ્યાને લઈ એસોસીએશન માટે નવું કાર્યાલય માટેની જગ્યા ખરીદવા માટેની જરૂરિયાત ઉભી થયેલ છે. જેમાં ખાણ અને ખનિજ ઉદ્યોગમાં કાર્યરત વ્યકિતઓને જરૂરી તાલીમ આપવા માટે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના, લાયબ્રેરી, કોન્ફરન્સ રૂમ, બોર્ડ રૂમ, પેન્ટ્રી, ઓફીસ સ્ટાફ માટેની જગ્યા વિગેરેનો યોગ્ય સમાવેશ થાય તેવી ઓફીસ સ્પેસની જરૂરિયાત ઉભી થયેલ છે. આ માટે અમદાવાદ ખાતે મોકાની જગ્યામાં ૨૦૦૦ ચો.ફુટ ઓફીસ સ્પેસની જરૂરિયાત રહે છે. આ અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨ કરોડ જેટલો થાય તેમ છે. **આ ભગીરથ કાર્યને પરિપૂર્ણ કરવા માટે આપ સૌના આર્થિક સહયોગ વિના આ ભગીરથ કાર્ય પૂર્ણ કરવું તે અસંભવ છે.** અમો આશા રાખીએ છીએ કે, આ કાર્ય પરિપૂર્ણ કરવા આપના તરફથી એસોસીએશનને યથાયોગ્ય નાણાકીય અનુદાન આપવા નમ્ર અપીલ કરીએ છીએ. અમોને વિશ્વાસ છે કે આપશ્રીના ઉદાર સહયોગથી એસોસીએશનની પ્રવૃત્તિઓને વેગ મળશે અને ઉત્તરોતર વિકાસ તરફ હરણફાળ ભરશે તેવી પૂર્ણ શ્રદ્ધા છે.

**આપશ્રીના સહયોગની અપેક્ષા સાથે**
**ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન ટીમ**

--•---•---•--

# : એસોસીએશનના સભ્યશ્રીઓ જોગ :

## વાર્ષિક લવાજમ પેટેની રકમ જમા કરાવવા અંગે :

વિનંતી સાથે જણાવવાનું કે એસોસીએશનના સભ્યશ્રીઓને ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ના વાર્ષિક ફાળાના ઈન્વોઈસ મોકલી આપવામાં આવેલ, જે મુજબ એસોસીએશનના લીમીટેડ કંપનીના આજીવન સભ્યશ્રીએ રૂ. ૫૦૦૦/- અને લીમીટેડ કંપની સિવાયના આજીવન સભ્યશ્રીએ દરવર્ષે રૂ. ૨૦૦૦/- વર્ષ ૨૦૧૬-૧૭થી લેવાનું ઠરાવેલ જે અન્વયે સભ્યશ્રીઓને વિનંતી કે જે સભ્યશ્રીઓના ચાલુ વર્ષના તથા અગાઉના વર્ષની બાકી રહેલ વાર્ષિક લવાજમની રકમનો ચેક ડ્રાફ્ટ વહેલામાં વહેલી તકે મોકલી આપવા અથવા RTGS પદ્ધતિથી Union Bank Of India, Ellisbridge Branch, Ahmedabad, S/B A/c No. 312802010044782 IFS Code : 00UBI NO. 521286 થી જમા કરાવવા નમ્ર વિનંતી છે.

## ઈ-મેઈલ, મોબાઈલ નંબર, સરનામા બાબતેઃ

એસોસીએશનના દરેક સભ્યશ્રીઓને વિનંતી સાથે જણાવવામાં આવે છે કે ખનિજ ઉદ્યોગને લગતા કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતા પરિપત્રો, ઠરાવો, હુકમો, ગાઈડલાઈન્સ, દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા ખનિજ ઉદ્યોગને લગતા સમાચારો, નામ. કોર્ટના ચુકાદાઓ વિગેરે દરેક સભ્યશ્રીઓને તાત્કાલિક મળી રહે તે માટે એસોસીએશન દ્વારા ઈ-મેઈલથી મોકલી આપવામાં આવી રહેલ છે. આ વ્યવસ્થાને આપણા સભ્યો દ્વારા ખૂબ જ સારો પ્રતિભાવ મળી રહેલ છે. પરંતુ હજી અમૂક સભ્યોના ઈ-મેઈલ આઈડી ઉપલબ્ધ ન હોઈ તેઓનું ઈ-મેઈલ એડ્રેસ, મોબાઈલ નંબર તેમજ સરનામામાં કોઈ ફેરફાર હોય તો તેની વિગત gujmin@gmail.com પર તાત્કાલિક મોકલી આપવા વિનંતી.

**ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનના પૂર્વ પ્રમુખશ્રી અને માનદ મંત્રીશ્રીની યાદીઃ**

| સમયગાળો | પ્રમુખ | માનદ મંત્રી | સમય ગાળો | પ્રમુખ | માનદ મંત્રી |
|---|---|---|---|---|---|
| ૧૯૬૩-૭૦ | શ્રી નટવરલાલ શામળદાસ વોરા | શ્રી કૃષ્ણપ્રસાદ ઝેડ. પટેલ | ૧૯૮૬-૮૭ | શ્રીજશવંતભાઈ યુ.ત્રીવેદી | શ્રી મધુભાઈ એ. શાહ |
| ૧૯૭૧-૭૨ | શ્રી પ્રભુદાસ વી. માકેચા | શ્રી દેવેન્દ્રભાઈ ડી. બધેકા | ૧૯૮૮-૯૧ | શ્રી સુરેન સી. ચોકસી | શ્રી મધુભાઈ એ. શાહ |
| ૧૯૭૩ | શ્રી જશવંતભાઈ યુ.ત્રિવેદી | શ્રી ગોવિંદભાઈ બી. શાહ | ૧૯૯૨-૯૭ | શ્રી જીતેન્દ્રભાઈ ડી. ત્રિવેદી | શ્રી ગીરીશ આર. પટેલ |
| ૧૯૭૪-૭૫ | શ્રી જયંતિલાલ ડી. પટેલ | શ્રી ગોવિંદભાઈ બી. શાહ | ૧૯૯૭-૯૯ | શ્રી ગોવિંદભાઈ બી. શાહ | શ્રી બિરેન જે. પટેલ |
| ૧૯૭૬ | શ્રી જયેન્દ્રભાઈ બી. પટેલ | શ્રી ગોવિંદભાઈ બી. શાહ | ૧૯૯૯-૦૬ | શ્રી રાવજીભાઈ જે. પટેલ | શ્રી બિરેન જે. પટેલ |
| ૧૯૭૭-૭૮ | શ્રી જયંતિલાલ ડી. પટેલ | શ્રી ગોવિંદભાઈ બી. શાહ | ૨૦૦૬-૧૦ | શ્રી બિરેન જે. પટેલ | શ્રી જતિન આર. પટેલ |
| ૧૯૭૯-૮૦ | શ્રી ઇંદુભાઈ એસ. જાની | શ્રી ગોવિંદભાઈ બી. શાહ | ૨૦૧૦-૧૨ | શ્રી હંસરાજ ડી. પટેલ | શ્રી જતિન આર. પટેલ |
| ૧૯૮૧-૮૨ | શ્રી જયંતિલાલ ડી. પટેલ | શ્રી ગોવિંદભાઈ બી. શાહ | ૨૦૧૩-૧૫ | શ્રી હંસરાજ ડી. પટેલ | શ્રી સી.એમ. દ્વિવેદી |
| ૧૯૮૩-૮૫ | શ્રી ગોવિંદભાઈ બી. શાહ | શ્રી મધુભાઈ એ. શાહ | | | |

# ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન, અમદાવાદ

## તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજ પૂરા થતા વર્ષનું ઉપજ ખર્ચ ખાતું

| **ઉપજ** | | **૩૧-૩-૨૦૧૭** | **૩૧-૩-૨૦૧૬** |
|---|---|---|---|
| મેમ્બરશીપ ફી ની આવક | | ૪,૧૦,૫૦૦.૦૦ | - |
| પરચુરણ આવક | | - | ૨૧૦.૦૦ |
| થાપણો તથા બેંક ખાતા પર મળેલ વ્યાજ | | ૩,૨૨,૯૫૨.૦૦ | ૪,૨૩,૪૮૧.૦૦ |
| જનરલ ડોનેશન (લીગલ) | | ૮,૫૦,૦૦૦.૦૦ | ૧૨,૩૩,૦૦૦.૦૦ |
| ઈન્કમટેક્ષ રીફંડ ઉપર વ્યાજ | | ૧,૫૪૯.૦૦ | - |
| જાહેરાત આવક | | ૧૦,૦૦૦.૦૦ | ૨૩,૬૦૦.૦૦ |
| મેમ્બરશીપ ડિરેક્ટરીના વેચાણ પેટે | | - | ૫૦૦-૦૦ |
| ચાલુ સાલે ખર્ચનો વધારો જે સરવૈયામાં લઈ ગયા | | ૨૩,૨૧૪.૫૦ | ૪,૩૧,૦૪૮.૦૦ |
| | **કુલ સરવાળો** | **૭,૬૮,૨૧૫.૫૦** | **૮,૭૮,૮૩૯.૦૦** |

| **ખર્ચ** | | **૩૧-૩-૨૦૧૭** | **૩૧-૩-૨૦૧૬** |
|---|---|---|---|
| ખર્ચની વિગ | એનેક્સર ૧ | ૭,૬૮,૨૧૫.૫૦ | ૮,૭૮,૮૩૯.૦૦ |
| | **કુલ સરવાળો** | **૭,૬૮,૨૧૫.૫૦** | **૮,૭૮,૮૩૯.૦૦** |

## તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજનું સરવૈયુ

| **ફંડ અને જવાબદારીઓ** | | | **૩૧-૩-૨૦૧૭** | **૩૧-૩-૨૦૧૬** |
|---|---|---|---|---|
| અંકિત કરેલ ફંડ | | એનેક્સર-૨ | ૭૦,૯૨,૪૮૦.૭૨ | ૬૯,૦૧,૪૮૦.૭૨ |
| જવાબદારીઓ | | એનેક્સર-૩ | ૬૮,૮૫૦.૦૦ | ૬૨,૫૧૧.૦૦ |
| | **કુલ સરવાળો** | | **૭૧,૫૮,૩૩૦.૭૨** | **૬૯,૬૩,૯૯૧.૭૨** |

| **મિલ્કત અને લ્હેણાંઓ** | | | **૩૧-૩-૨૦૧૭** | **૩૧-૩-૨૦૧૬** |
|---|---|---|---|---|
| સ્થાવર મિલ્કતો અને ઓફીસ ઈક્વીપમેન્ચ | | એનેક્સર-૪ | ૩,૭૦,૧૦૧.૦૦ | ૩,૭૦,૧૦૧.૦૦ |
| રોકાણો (મૂળ કિંમતે) | | એનેક્સર-૫ | ૪૪,૨૬,૯૬૬.૦૦૦ | ૨૬,૭૬,૯૬૬.૦૦ |
| એડવાન્સીસ | | એનેક્સર-૬ | ૨,૧૬,૫૮૯.૦૦ | ૨,૩૫,૬૫૫.૦૦ |
| બેંક તથા રોકડ ખાતું | | એનેક્સર-૭ | ૨,૩૨,૨૪૬.૬૭ | ૧૭,૯૨,૦૫૬.૧૭ |
| **ઉપજ ખર્ચ ખાતું** | | | | |
| ગઈસાલની બાકી | ૧૮,૮૯,૨૧૩.૫૫ | | | |
| ઉમેરો : ચાલુ સાલનો આવક કરતા | | | | |
| ખર્ચનો વધારો | ૨૩,૨૧૪,૫૦ | | ૧૯,૧૨,૪૨૮.૦૫ | ૧૮,૮૯,૨૧૩.૫૫ |
| | **કુલ સરવાળો** | | **૭૧,૫૮,૩૩૦.૭૨** | **૬૯,૬૩,૯૯૧.૭૨** |

અમારા આજ તારીખના ઓડિય રિપોર્ટ મુજબ.
મે. અનિલ શાહ એન્ડ કાું. વતી
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
-
ભાગીદાર
તારીખ : ૦૮-૨૦૧૭
સ્થળ : અમદાવાદ

**ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન વતી**

| પી. એન. રાવ | સી.એમ. દ્વિવેદી | જે.જી. પટેલ |
|---|---|---|
| પ્રમુખ | માનદ્મંત્રી | માનદ ખજાનચી |


જે કંઈ સારું નરસું, ઓછુંવત્તું મળ્યા કરે એમાં સંતોષની લાગણી ધરાવવી, એમ કરવાથી સમતા કેળવવામાં મદદ મળશે.

## MINERAL VALUE ADDED PRODUCTS PROJECTS

### Concepts to Commissioning

- Sourcing raw materials with acquisition of captive mines / quarry.
- Selection of equipments, machineries, machineries with evolution of flow – sheet of mineral processing.
- Technology tie – ups
- Mineral projects feasibility AND MINERAL PROJECTS PROFILE.
- Marketing for the end – product and minerals.
- Appraisal of Laboratory Analysis & eraction..
- Geological mapping, Industrial mineral prospecting.
- Mineral trading.

Please contact for more details

**J.V. BHATT**

**Mineral Consultant**

Ex-Additional Director, Commissioner of Geology & Mines, Government of Gujarat,
Ex- General Manager, Industrial Extension Bureau (INDEXTb), Gandhinagar Panel Expert :GITCO Ltd.,

**BHUVANESHVARI MINERAL CONSULTANCY**

212, Sur-Sarthi Business Management Centre, Opp. Central Bank of India,
Ambawadi Circle, Ahmedabad – 380 006.
Phone : (079) 26465570 (M) 9979866097,
Email : jvbhattmc@yahoo.com, Website : www.jvbmineralprojects.com



A GROUP OF SHREE RAM MINERALS
ESTD 1977

(ISO. 9001:2008 Company)

## Shree Ram Minerals
Group

- SHREE RAM MICROMINERALS
- SHREE RAM ENTERPRISE
- MANGAL MINERALS
- SHREE RAM ALUMINA PRODUCTS
- SHREE RAM MIN-CHEM INTERNATIONAL
- SHREE RAM CLAY

**A Leading Mines Owner And Manufacturer Of Super Quality China Clay Products**

**OUR PRODUCTS**
- CALCINED KAOLIN POWDER
- META KAOLIN POWDER
- CALCINED CLAY (LUMPS & GRANUALS)
- HYDROUS CHINACLAY POWDER
- LAVIGATED CHINACLAY
- RAW CHINACLAY
- SILICA SAND

**FOR APPLICATION**
- PAINT & PAPER
- ULTRA MARINE BLUE & CEMENT
- REFRACTORY & MONOLYTHIC
- PAINT, PAPER & RUBBER
- CERAMIC & REFRACTORY
- CERAMIC, REFRACTORY & SOAP
- GLASS, SILICATE, FOUNDRY

**KAOLIN SOLUTION FOR ANY PRODUCTS**

Contact Persons: Jaydeep Solanki : Mob. +91 9033379894
Office No. : Marketing Contacts Mob. +91 9925233480 / 9825504824 Phone No.: (02832) 240882 Fax: 241182
E-mail: info@shreeramminerals.com • Web Site: www.shreeramminerals.com
ADDRESS: GIDC Area, Post. Madhapar - 370020. (Bhuj)-Kutch Gujarat-India.




Book-Post

To,

From:

**GUJMIN INDUSTRY ASSOCIATION**

Reg. No. GUJ/15299/AHMEDABAD UNDER SOCIETY ACT - 1860

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House, Mithakhali,

Ahmedabad - 380 006. (Gujarat) Tel.Fax : 079 - 26427047

E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org